# ‘બાહુબલી’ની સફળતામાં પડદા પાછળનો સૂર

## ‘બાહુબલીઃ ધ બિગનિંગ’ અને ‘બાહુબલી-ટૂઃ ધ કન્કલુઝન’ એ બંને ફિલ્મોના હિન્દી વર્ઝનમાં મુખ્ય કલાકારોનાં પાત્રોનું ડબિંગ કરનાર આ કલાકારો વિશે પણ જાણવા જેવું છે

સ્પેશ્યલ
દર્શના ઠક્કર
feedback.matinee@bombaysamachar.com

વિશ્વભરમાં સફળતા મેળવી ચૂકેલી ‘બાહુબલી ટૂ’ ફિલ્મનો બધી ભાષાની ફિલ્મોમાં મળીને વકરો રૂ.૧,૨૦૦ કરોડની ઉપર પહોંચી ગયો છે. ફક્ત હિન્દી વર્ઝનમાં જ તેણે રૂ.૪૦૦ કરોડ કમાઇ લીધા છે. ‘બાહુબલી’ ફિલ્મ તમિળ અને તેલુગુ એ બે ભાષામાં બની છે, જ્યારે અન્ય ભાષામાં ડબ થઇ છે. દિગ્દર્શક એસએસ રાજામૌલીએ આ મેગ્નમ ઓપસને હિન્દી અને મલયાલમમાં ડબ કરી છે, પણ આપણને હિન્દીમાં તે ફિલ્મ જોઇને લાગે છે કે આ ડબ ફિલ્મ છે? જરાય નહીં, કારણ કે તેના ડબિંગ કલાકારોએ તેમાં સશક્ત અવાજ આપવા સાથે એટલા સ્પષ્ટ ઉચ્ચારણો કર્યા છે કે લાગે જ નહીં કે તે ડબ થયેલી ફિલ્મ છે. તેની સ્ક્રિપ્ટનું ભાષાંતર પણ સશક્ત થયું છે, છતાંય તેનાથી વધારે ક્રેડિટ તો તેના ડબિંગ કલાકારોને આપવી જોઇએ, જેમણે તે કેરેક્ટરોની નજીક જઇને એકદમ પાત્રમાં ઘૂસી ગયા હોય તેમ તેમનો અવાજ આપ્યો છે. લાગે જ નહીં કે તે પાત્ર ભજવનાર કલાકારનો અવાજ નથી. તેમણે તેમના અવાજમાં પાત્રની સંવેદનાઓ અને હાવ-ભાવ સાથે મેચ થાય તેવો જ અવાજ આપ્યો છે. પ્રભાસ હોય કે રાણા દગ્ગુબતી, અનુષ્કા શેટ્ટી અને અન્ય કલાકારો માટે અવાજ આપનાર ડબિંગ કલાકારોનું આ ફિલ્મમાં બહુ મોટું કામ છે. શિવાગામીના ભારે સંવાદો હોય કે કટપ્પાનો નિઃસહાય અવાજ, પ્રભાસ અને રાણાની લડાઇના સંવાદો, તે મૂળ કલાકારનો અવાજ હોય તેવો જ લાગે છે. વિશ્વભરના દર્શકોને ગમેલી આ ફિલ્મના હિન્દી વર્ઝનમાં કયા ડબિંગ કલાકારોએ કયા મૂળ કલાકારોને તેમનો અવાજ આપ્યો છે તે જાણો. મૂળ કલાકાર જેટલું જ મહત્ત્વ આ ડબિંગ કલાકારોનું પણ છે.

### બાહુબલી (પ્રભાસ) - શરદ કેળકર



‘બાહુબલી’માં ડિરેક્ટર એસએસ રાજામૌલી જેટલો જ ફાળો અને લોકપ્રિયતા પ્રભાસને મળી છે તેના ‘બાહુબલી’ના પાત્ર માટે. હવે તે ઘરેઘરમાં જાણીતો બની ગયો છે. તેનો અવાજ ટીવીના લોકપ્રિય કલાકાર શરદ કેલકરે આપ્યો છે. તે બહુ લોકપ્રિય વૉઇસ ઓવર અને ડબિંગ આર્ટિસ્ટ છે. ‘બાહુબલી ટૂ’માં પ્રભાસ માટે તેનો વૉઇસ ઓવર આપ્યા પહેલા તેણે હૉલીવૂડની ફિલ્મોના હિન્દી વર્ઝન ‘ગાર્ડિયન્સ ઓફ ધ ગેલેક્સી’, ‘મેડ મેક્સઃ ફ્યુરી રોડ’, ‘એક્સોડસઃ ગોડ્સ એન્ડ કિંગ્સ’, ‘એક્સ-મેનઃ એપોકેલપ્સી’ અને વિન ડિઝલની લેટેસ્ટ ફિલ્મ ‘ટ્રિપલ એક્સઃ રિટર્ન ઓફ ઝેન્ડર કેજ’માં પોતાનો અવાજ આપી ચૂક્યો છે. શરદે તેની મુલાકાતમાં જણાવ્યું હતું કે તેણે ‘બાહુબલી ટૂ’માં વૉઇસ ટેસ્ટ એટલા માટે આપ્યો હતો કે તે તેના માનીતા દિગ્દર્શક એસએસ રાજામૌલીને મળવા માગતો હતો. શરદે ‘બાહુબલી’ની બંને ફિલ્મોમાં પ્રભાસના બંને કેરેક્ટર અમરેન્દ્ર અને મહેન્દ્ર માટે અવાજ આપ્યો છે અને બંનેના અવાજમાં તેણે થોડો તફાવત રાખ્યો છે. હવે તેને આ આઇકોનિક ફિલ્મનો ભાગ બનવા બદલ ગૌરવ થાય છે. તેનો ડાયલોગ ‘જબ તક તુમ મેરે સાથ હો, મુઝે મારનેવાલા પૈદા નહીં હોગા... મામા’ હજુ પણ કાનમાં ગુંજે છે.

### શિવાગામી (રામ્યા કૃષ્ણન) - મૌસમ

સુરતમાં જન્મેલી પણ હવે મુંબઈમાં સ્થાયી થયેલી મૌસમ થોડાક વર્ષોથી ડબિંગના વ્યવસાયમાં છે. લાંબો સમય થિયેટર કર્યા પછી તેણે ૨૦૦૨માં વૉઇસ ઓવર આપવાનું શરૂ કર્યું હતું. તે પછી તેણે પાછું વળીને જોવું નથી પડ્યું. તેણે અગાઉ ‘હિમ્મતવાલા’, ‘ઢોલ’, ‘સૌદા’ અને ‘ચાહત’ ઉપરાંત કેટલીક ભોજપુરી અને ગુજરાતી ફિલ્મોમાં પણ ડબિંગ કર્યું છે. આ ઉપરાંત તેણે ‘છોટા ભીમ’માં કાલિયાના પાત્રને અવાજ આપ્યો હતો. ‘બાહુબલી’માં તેણે રામ્યા દ્વારા ભજવાયેલા રાજમાતા શિવાગામીના મજબૂત કેરેક્ટરને પોતાનો સશક્ત અવાજ આપ્યો છે.

### કટપ્પા (સત્યરાજ) - સમય રાજ ઠક્કર



ડબિંગ કલાકારોમાં સમય અગ્રણી કલાકાર છે. તેણે ઘણી બધી તમિળ અને તેલુગુ ફિલ્મોના હિન્દી વર્ઝન્સમાં પોતાનો અવાજ આપ્યો છે. આ ઉપરાંત તેણે હૉલીવૂડ ફિલ્મોના કિંગ આર્થર (ક્લાઇવ ઑવન), ઝીરો ડાર્ક થર્ટી (જાસૂન ક્લાર્ક), ધ ડાર્ક નાઇટ્સ (ક્રિસ્ટિયન બેલ) અને ‘ધ એવેન્જર્સ (માર્ક ફેલો) જેવા લીડ એક્ટર્સને પણ પોતાનો અવાજ આપ્યો છે. આ ફિલ્મમાં તેણે સત્યરાજના કટપ્પાના પાત્ર માટે અવાજ આપ્યો છે, જે બહુ લોકપ્રિય અને સશક્ત પાત્ર છે અને જેના એક જ વાક્ય પર ફિલ્મનો બીજો ભાગ દર્શકો જોવા ગયા છે કે ‘કટપ્પાએ બાહુબલીને કેમ માર્યો’.

### ભલ્લાલાદેવા (રાણા દગ્ગુબતી) - મનોજ પાંડે

મનોજ પાંડે અભિનેતા છે અને સાથે વૉઇસ ઓવર આર્ટિસ્ટ પણ છે. તેણે અગાઉ હિન્દીમાં ડબ થયેલી ફિલ્મો ‘ધ લોર્ડ ઓફ ધ રિંગ્સ’, ‘ધ ટ્રાન્સપોર્ટર’, ‘ધ એક્સપાન્ડેબલ્સ’, ‘સ્કાયફોલ’ અને ‘ડેડપૂલ’માં પોતાનો અવાજ આપ્યો છે. તેનો ગાઢ અને ભારેખમ અવાજ રાણાના વિલનના રોલમાં બહુ પરફેક્ટ બેસે છે.

### દેવસેના (અનુષ્કા શેટ્ટી) - નીતિ માથુર



નીતિ કહે છે, કેરેક્ટર પ્રમાણે હું મારો અવાજ બદલી શકું છું. ઉષ્માભર્યો અવાજ જોઇએ કે ઊંડાણભર્યો ગાઢ અવાજ કે નમણો અને વ્યાવસાયિક, રમૂજી, સંવેદનશીલ અવાજ કાઢવાનો હોય, હું જુદા જુદા મૂડ, પ્રકૃતિ, કેરેક્ટરાઇઝેશન પ્રમાણે જેવો અવાજ કાઢવાનો હોય તેવો કાઢું છું. આ ફિલ્મમાં યોદ્ધા રાજકુમારી દેવસેનાની વિવિધ લાગણીઓને મેચ થાય તેવો અવાજ તેણે આપ્યો છે. જોકે, તેના મજબૂત કેરેક્ટરને સંપૂર્ણ ન્યાય મળે તે માટે સ્મૃતિ મલ્હોત્રા સહિત અમે લગભગ ૩૦ જેટલા કલાકારોએ તેના કેરેક્ટરમાં શેડ આપ્યો છે. પ્રાદેશિક ફિલ્મોમાં ડબિંગ આર્ટિસ્ટ તરીકે નીતિ બહુ લોકપ્રિય છે.

### અવંતિકા (તમન્ના ભાટિયા) - પોતાનો જ અવાજ

આ સિવાય અભિનેત્રી તમન્ના ભાટિયા બળવાખોર અને લડાયક અવંતિકા અને મહેન્દ્ર બાહુબલીની પ્રેમિકાનું પાત્ર ભજવ્યું છે. તેણે હિન્દી વર્ઝનમાં પોતાનું ડબિંગ પોતે જ કર્યું છે.

આમ, આ બધા ડબિંગ કલાકાર તો પોતાનો અવાજ આપીને જતા રહ્યા, પણ ફિલ્મના કલાકારો સફળતાની સૌથી વધુ ક્રેડિટ લઇ ગયા. પણ આ બધા પ્રતિભાશાળી કલાકારોને અવગણવા જોઇએ નહીં.

### બિજલાદેવા (નાસર) - દીપક સિંહા

દીપક પણ અભિનેતા છે, જેણે ‘જખમી ઔરત’, ‘સારાંશ’, ‘આવારગી’ અને ‘મૈંને ગાંધી કો નહીં મારા’ જેવી ફિલ્મો સહિત કેટલીક ભોજપુરી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. જ્યારે તે અભિનય ન કરતો હોય ત્યારે ડબિંગનું કામ કરે છે. તેણે પોતાના અવાજ દ્વારા બિજલાદેવાના કેરેક્ટરને બહુ આકર્ષક બનાવ્યું છે. ■

# ‘બાહુબલી’ સાથે ૬૦૦૦ છોકરીઓને લગ્ન કરવાં છે!

## આ બધાને છોડીને પ્રભાસ અભિનેત્રી દીપિકાને ચાહે છે, પણ લગ્ન તો કરશે પિતાએ શોધેલી એક એન્જિનિયર છોકરી સાથે



સાઈડ ઍન્ગલ
નીલમ પુજારા
neelam.pujara@bombaysamachar.com

વિશ્વભરમાં ડંકો વગાડી દેનાર ‘બાહુબલી ટૂ’ ફિલ્મે તેના કલાકારો, નિર્માતા-દિગ્દર્શકો બધાને તારી દીધા છે. આટલી અપ્રતિમ સફળતા અત્યારે બૉલીવૂડની કોઇ ફિલ્મને નથી મળતી. ‘બાહુબલી’ની સફળતામાં દિગ્દર્શક એસએસ રાજામૌલી પછી બીજો ફાળો તેના હીરો પ્રભાસનો આવે છે.

પ્રભાસે ખૂબ જ મહેનત કરીને પોતાના પાત્રને એટલું સશક્ત રીતે ભજવ્યું કે તેનાથી ફિલ્મ એક ઊંચા સ્તરે આવી ગઇ. બૉલીવૂડના સલમાન ખાન અને અક્ષય કુમાર પણ તેના જેવું પાત્ર ભજવી ન શકે, કારણ કે દરેક સશક્ત કલાકારની પણ પ્રતિભા જુદી જુદી હોય છે. પ્રભાસ પાછળ આખી દુનિયા દીવાની બની ગઇ છે. તમિળ ફિલ્મનો આ હીરો હવે હિન્દી ફિલ્મ પણ કરવાનો છે. આવો તેના વિશે થોડી અંગત વાતો મમળાવીએ.

★ પ્રભાસ યુ. સૂર્યનારાયણ રાજુનો પુત્ર અને તેલુગુ એક્ટર ઉપાલાપતિ કૃષ્ણમ રાજુનો ભત્રીજો છે.

★ પ્રભાસની ‘બાહુબલી ટૂ’ ૨૫૦ કરોડ રૂપિયામાં બની હતી અને તેને પૂરાં બજેટના ૧૦ ટકા એટલે કે રૂ. ૨૫ કરોડ ફી તરીકે મળ્યા છે.

★ પ્રભાસે પોતાના રોલ માટે બૉડી બનાવવા જિમ પર રૂ. ૧.૫ કરોડનો ખર્ચ કર્યો હતો. આ ફિલ્મ કરતી વખતે ત્રણ વર્ષ સુધી તેણે એક પણ ફિલ્મ સાઇન નહોતી કરી.

★ પોતાની ૧૪ વર્ષની અભિનય કારકિર્દીમાં પ્રભાસે ફક્ત ૧૯ ફિલ્મો કરી છે. તે વર્ષમાં ફક્ત એક જ ફિલ્મ કરે છે.

★ પ્રભાસ એન્જિનિયર છે. તે ક્યારેય અભિનેતા બનવા નહોતો માગતો. તેની ઇચ્છા બિઝનેસમેન બનવાની હતી.

★ પ્રભાસે બૉલીવૂડમાં પ્રભુદેવાની ફિલ્મ ‘એકશન જૅકશન’માં કેમિયો રોલ કર્યો હતો. તે તેની પહેલી હિન્દી ફિલ્મ હતી, જે તદ્દન ફ્લોપ ગઇ હતી.

★ પ્રભાસ ખાવાનો બહુ શોખીન છે, પણ આ ફિલ્મના શૂટિંગ દરમિયાન તેનો તે શોખ પૂરો કરી શક્તો ન હતો. તેનું કારણ શૂટિંગ દરમિયાન ડાયેટ કરવાનું અને વજન વધારીને શારીરિક બાંધો બનાવવાનો હતો. હવે જ્યારે ફિલ્મ રિલીઝ થઇ ગઇ છે ત્યારે પ્રભાસ આનંદથી પોતાની મનપસંદ વાનગીઓ ભરપેટ ખાઇ શકશે.

★ પ્રભાસની દુલ્હન કોણ બનશે? આ વાત પણ ચર્ચાસ્પદ છે, કારણ કે ભાઇ પરણવાલાયક તો થઇ જ ગયા છે. ‘બાહુબલી ટૂ’ને મળેલી અદ્ભુત સફળતાથી હૉલીવૂડ પણ ચોંકી ગયું છે. પ્રભાસે તેમાં એકશન અને રોમેન્ટિક એ બંને દૃશ્યોમાં પોતાની જાન રેડી દીધી છે. બંને જગ્યાએ તે એકદમ ખીલ્યો છે. આથી તેની પાછળ લાખો છોકરીઓ દીવાની બની છે. કહેવાય છે કે ફિલ્મ રિલીઝ થયા પછી તેની પાસે ૬૦૦૦ છોકરીઓની લગ્નની દરખાસ્તો આવી ગઇ. બિચ્ચારી નૉટી ગર્લ્સ! તેમને ક્યાં ખબર છે કે પ્રભાસ તો પહેલેથી જ બીજીને દિલ દઇ બેઠો છે. આથી તેમનો કોઇ ચાન્સ નથી.

દુનિયાભરની છોકરીઓ આ ‘બાહુબલી’ પર ફીદા છે, પણ પ્રભાસ કોના પર ફિદા છે, જાણો છો? હા, તે બૉલીવૂડની દીવા દીપિકા પદુકોણ પર ફીદા છે. તેણે એક વખત કહ્યું હતું કે તેને દીપિકા બહુ ગમે છે. આથી તે તેની સાથે એક ફિલ્મ તો કરવા માગે છે. બીજી તરફ ફિલ્મના શૂટિંગ દરમિયાન હિરોઇન અનુષ્કા શેટ્ટી સાથે તેના અફેરની વાતો ચગી હતી. જોકે, હવે તે વાતો ફૂસ થઇ ગઇ છે.

પણ મઝાની વાત તો એ છે કે એક ખબર મુજબ પ્રભાસના માતા-પિતાએ પ્રભાસ માટે એક નૉન - ફિલ્મી ‘વહુ’ ગોતી લીધી છે. તેઓ ‘બાહુબલી ટૂ’ રિલીઝ થાય તેની રાહ જોતા હતા. કહેવાય છે કે પ્રભાસને પણ તે ગમી છે. તેની આ થનારી મંગેતર ૨૨ વર્ષની એન્જિનિયરીંગની સ્ટુડન્ટ છે અને તે તેની સાથે લગ્ન કરવા રાજી છે. આથી હવે પ્રભાસ ક્યારે લગ્નની શરણાઇઓ વગાડીને લાખો છોકરીઓના દિલ તોડે છે તેની રાહ જુઓ. ■

# ઈરફાન કેમ ચિંતામાં છે?

## હોલીવૂડની ફિલ્મો હવે હિન્દી ફિલ્મોના માર્કેટ પર ઓવરલેપ થઈ રહી છે, આથી જ હિન્દી ફિલ્મોનો વ્યવસાય મંદીમાં આવી રહ્યો છે

ફિલ્મી બાતેં
અગસ્ત્ય શાહ
feedback.matinee@bombaysamachar.com



બોલીવૂડના અભિનેતા ઈરફાન ખાન બોલીવૂડ અને હોલીવૂડ બંને જગ્યાએ સમાંતર કામ કરે છે, જોકે, તે બોલીવૂડ માટે થોડો ચિંતામાં છે. હોલીવૂડની ફિલ્મોને કારણે બોલીવૂડનું માર્કેટ ડાઉન થઈ રહ્યું હોવાનું તે માને છે. તે કહે છે કે હોલીવૂડની ફિલ્મો ભારતીય બજાર પર એટલી હાવી થઈ ગઈ છે કે અંગ્રેજી ફિલ્મોએ હિન્દી ફિલ્મોના બજારને ઓવરલેપ કરી લીધું છે. આથી જ હિન્દી ફિલ્મનો વ્યવસાય બહુ ઝડપથી ઓછો થઈ રહ્યો છે. આ વિશે હિન્દી ફિલ્મ ઈન્ડ.ને કંઈ લેવા-દેવા જ ન હોય તે રીતે આંખ આડા કાન કરે છે. બધા જ એવું વિચારે છે કે મારી દુકાન ચાલી રહી છેને! હવે હું એકલો ઝંડો ગાડીને શું ઉખાડી લેવાનો છું? કેટલીક હોલીવૂડવાળા બોલીવૂડની પ્રતિભાને પોતાની ફિલ્મો સાથે જોડે છે, પણ તેનાથી તેમની ફિલ્મો જ મજબૂત થઈ રહી છે. હોલીવૂડવાળા બહુ સમજદાર છે. તેઓ આપણી પ્રતિભાનો તેમની ફિલ્મોમાં ઉપયોગ કરે છે અને પછી આપણી પ્રતિભા આપણા જ ઘરમાં વેચે છે. ઈરફાન ખાનના વિચારો ઘણી હદે સિદ્ધાંતવાદી છે તેનો આદર્શ મહાત્મા ગાંધી છે. ખાન તેના વિશે કહે છે, તેઓ સંશોધક હતા. સત્યની તેમણે જુદી જુદી રીતે વ્યાખ્યા કરી છે તેઓ જિંદગીમાં પ્રયોગો કરતા રહેતા હતા અને નવું નવું જાણવાની કોશિશ કરતા હતા-તેમણે જીવનમાં બીજા કરતાં અલગ જ કામ કર્યું. બધા લોકો પોત-પોતાની રીતે આઝાદીની લડાઈ લડી રહ્યા હતા, પણ તેમણે અંગ્રેજોની એવી દુઃખતી રગ પર હાથ રાખ્યો, જેના વિશે કોઈએ વિચાર્યું પણ નહોતું.

આપણી ફિલ્મ ઈન્ડ.માં પણ અંગ્રેજી ભાષા હાવી થઈ ગઈ છે. અંગત રીતે કલાકારો અંગ્રેજીમાં જ બોલે છે, પણ જ્યારે સ્ટોરી ટેલિંગની સેશન થાય ત્યારે મજબૂરીથી બધા કલાકારો હિન્દી બોલે જ છે. બોલીવૂડના જેટલા પણ સુપરસ્ટાર થયા છે, તે બધા હિન્દી ભાષી છે. જેમ કે, દિલીપકુમાર, રાજેશ ખન્ના, અમિતાભ બચ્ચન, દેવાનંદ, રાજ કપૂર કે નસીરુદ્દીન શાહ એ દરેક સ્ટારની હિંદી ભાષા પર બહુ સારી કમાન્ડ છે. ■

# રોલની લંબાઈ નહીં, ઊંડાણ મહત્ત્વનું



## વીસથી વધુ વર્ષથી સક્રિય રહેલી દિવ્યા દત્તાએ ફિલ્મો ઓછી કરી છે, પણ દમદાર અભિનયથી આગવું સ્થાન બનાવ્યું છે

ઈન્ટરવ્યૂ
સોનલ ગાંધી
feedback.matinee@bombaysamachar.com

દિવ્યા દત્તા કહે છે, નવાઝુદ્દીન કે ઇરફાન ખાનને તમે કેરેક્ટર આર્ટિસ્ટ કહી શકો? એવી જ રીતે હું પણ મુખ્ય અભિનેત્રી છું, અને ફિલ્મમાં મહત્ત્વના રોલ કરું છું. ડૉક્ટર માતાની પુત્રી હોવા છતાંય અભિનેત્રી દિવ્યા દત્તાને નાનપણથી જ અભિનેત્રી બનવાનો શોખ હતો. જીવનના આ ધ્યેયની વાત તેણે શાળાના ભણતર દરમિયાન નવમા ધોરણમાં હતી ત્યારે બધા વિદ્યાર્થીઓને પણ કહી હતી અને તેણે તે વાત સાચી કરી બતાવી. આજે તે અભિનેત્રી બની ગઇ છે અને ૨૫ વર્ષ પછી તેની સ્કૂલમાં મુખ્ય મહેમાન તરીકે ગઇ હતી. દિવ્યા સાથે થયેલી ખટ્ટી-મીઠી ગપસપ.

**★ હંમેશાથી અભિનયની દીવાની હતી.**

દિવ્યા દત્તા નાનપણથી જ કેમેરા સામે કામ કરવા માંગતી હતી. તે પ્રાથમિક શાળામાં ભણતી હતી ત્યારે ચાર્લી ચેપ્લિન અને અમિતાભ બચ્ચનનો અભિનય કરીને તેના સહાધ્યાયીઓનું મનોરંજન કરતી હતી. તેના માટે તેને ભરપૂર તાળીઓનો પ્રતિસાદ મળતો હતો. આથી સાહિત્ય અને સાઇકોલોજીનો ટેલેન્ટ હન્ટમાં ભાગ લીધો અને તેમાં તેની પ્રથમ છ સ્પર્ધકમાં પસંદગી થઇ.

**★ ફિલ્મોમાં પ્રવેશ.**

૧૯૯૪માં તેણે ‘ઇશ્ક મેં જીના ઇશ્ક મેં મરના’ ફિલ્મથી બોલીવૂડમાં પ્રવેશ કર્યો, પણ તે પછી તેને ફિલ્મો મળવી બહુ મુશ્કેલ બની. સંઘર્ષ શરૂ થયો. નિર્માતા કહેતા, ઓકે, અમે તને અમારી ફિલ્મમાં લઇશું, પણ કંઇ થતું નહીં. પણ નસીબના થોડાંક પાના ખૂલ્યાં અને મને મલ્ટિસ્ટારર ફિલ્મોમાં કામ મળવા લાગ્યું. મનિષા કોઇરાલા સાથે ‘અગ્નિસાક્ષી’, ‘સુરક્ષા’,અને ‘વીરગતિ’જેવી ફિલ્મો મળી.

**★ ટર્નિંગ પોઇન્ટ.**

ખુશવંત સિંહની બહુ પ્રશંસા પામેલી નવલકથા ‘ટ્રેન ટૂ પાકિસ્તાન’(૧૯૯૮)ના ફિલ્મી રૂપાંતર ‘હસીના’માં મને મુખ્ય રોલ મળ્યો અને મારું નસીબ ખૂલી ગયું. પામેલા રૂક્સની આ ફિલ્મ પછી મને સારી ફિલ્મો અને સારા રોલ મળવા લાગ્યા. ‘શહીદ-એ-મહોબત બૂટા સિંહ’ (૧૯૯૯) અને શ્યામ બેનેગલની ફિલ્મ ‘સમર’(૧૯૯૯), યશ ચોપરાની લવ સ્ટોરી ‘વીર ઝારા’ (૨૦૦૪) વગેરે ફિલ્મો મારા ફાળે આવી.

તે પછી શ્યામ બેનેગલની ‘વેલકમ ટૂ સજ્જનપુર’ (૨૦૦૮) અને રાકેશ ઓમપ્રકાશ મહેરાની બે ફિલ્મો ‘દિલ્હી સિક્સ’ (૨૦૦૯) અને ‘ભાગ મિલખા ભાગ’ (૨૦૧૩)માં હું ઝળકી ઊઠી. આ ત્રણેય ફિલ્મોમાં મારો અભિનય વખણાયો હતો.

**★ ટેક્નિક અને બીજું બધું.**

મને જે રોલ મળી રહ્યા છે તે ભલે મુખ્ય ન હોય પણ મહત્ત્વના તો હોય જ છે. ભાભી કે બહેનના રોલ કંઇ કેરેક્ટર ના કહેવાય. તમે ઇરફાન ખાન કે નવાઝુદ્દીન સિદ્દીકીને કેરેક્ટર એક્ટર્સ કહી શકો? ના, તેમની પ્રતિભા અલગ છે તેમ મારી પણ જુદા પ્રકારની છે. ■

‘‘મુંબઈ સમાચાર’’ MUMBAI SAMACHAR પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈને ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. કાર્યકારી તંત્રીઃ નીલેશ દવે, ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957